### જિલ્લામાં વરસાદની ધમાકેદારની એન્ટ્રી થતાં ખેડૂતોમાં રાહત, ઉભા પાકને ફાયદાની આશા

# લાંબા વિરામ બાદ બોડેલી પંથકમાં મેઘરાજાની પધરામણી

**મોડા બપોરે ધોધમાર ઝાપટું વરસતાં ખેતરોમાં ભેજ વધ્યો**



(પ્રતિનિધિ) બોડેલી, તા.12

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં લાંબા સમયથી વરસાદે વિરામ લેતા ચોમાસાની ખેતીને લઈને ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી હતી. દરમિયાન શુક્રવારની મધરાત બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને તાલુકાના વિવિધ વિસ્તારોમાં મેઘરાજાએ ધીમીધારે પધરામણી કરી હતી.

રાત્રી દરમિયાન શરૂ થયેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ત્યારબાદ મોડા બપોરે દામાકે દાર વરસાદ વરસતા લાંબા સમય બાદ વરસાદ વરસતા ખેતરોમાં ઉભા પાકને રાહત મળવાની સાથે ખેડૂતોમાં પણ ખુશીની લાગણી જોવા મળી હતી. ખાસ કરીને વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદનું ઝાપટું આશાસ્પદ બન્યું છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક દિવસથી વરસાદ ખેંચાતા ખેતરોમાં પાકને પાણીની જરૂરિયાત ઊભી થઈ હતી. હવે વરસાદ વરસતા જમીનમાં ભેજ જળવાઈ રહેવાની અને ઉભા પાકને ફાયદો થવાની આશા બંધાઈ છે. ખેડૂતો હવે મેઘરાજા વધુ મહેર કરે અને બોડેલી તાલુકામાં સારો વરસાદ વરસે તેવી આશા રાખી રહ્યા છે.

### ડભોઇમા ખેતીલાયક વરસાદ થી ખેડુતોમા આનંદની લાગણી વ્યાપી જવા પામી

**ડભોઇ :** ડભોઇ મા રાત્રી થી જ વરસાદ નુ આગમન શરુ થઈ જવા પામ્યુ હતુ. દિવસભર પોરો ખાધા બાદ સાંજે ધીમીધારે ગાજવીજ અને પવન સાથે શરુ થયેલા ખેતી લાયક વરસાદ થી વાતાવરણ ઠંડુ થઈ જવા પામ્યુ હતુ. સાંજ સુધી મા વરસેલા વરસાદ થી અને લાંબા વિરમબાદ જરુરત ના સમયે વરસેલા વરસાદ થી ખેડુતો મા આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી.

ડભોઇ મા હવામાન વિભાગ ની આગાહી મુજબ વરસાદી વાતાવરણ બનવા સાથે ધીમી ધારે શરુઆત થઇ હતી. ગાજવીજ અને પવન સાથે વરસાદી થી વાતાવરણ મા આહલાદક ઠંડક પ્રસરી જવા પામી હતી. રાતના વરસાદી વાતાવરણ ના પરીણામે ખેડૂતો માં આશા બંધાઈ હતી.પરંતુ દિવસ ઊગતા જ વરસાદે પોરો ખાધો હતો. જે સાંજ ના પાંચ વાગ્યા થી ફરી વરસાદ ની ધીમીધારે શરૂઆત થઇ હતી. જેથી ખેડુતો મા જરુરત ના સમયે વરસેલા વરસાદ ને લઇ ખુશી વ્યાપી જવા પામી હતી, જ્યારે નગર ના રસ્તાઓ પર વરસાદી પાણી વહેતા થઈ જવા પામ્યા હતા. ગરમી, ઉકળાટ અને બફારા થી ત્રસ્ત લોકો ને આંશિક રાહત નો અનુભવ થવા પામ્યો હતો. જ્યારે ડાંગર ની ખેતીને જીવતદાન મળવા પામ્યું હતું.

### સંખેડા પંથકમાં પવન સાથે મેઘરાજાની એન્ટ્રી, ધોધમાર વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ



**સંખેડા :** છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં લાંબા વિરામ બાદ આજે મેઘરાજાએ તેજ પવન સાથે ધમાકેદાર એન્ટ્રી કરી છે. સંખેડા શહેર સહિત સમગ્ર પંથકમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને તેજ પવન ફૂંકાવા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ઘણા દિવસોથી વરસાદ ખેંચાતા ખેતરોમાં ઉભા પાક સુકાવાની ભીતિ સેવાઈ રહી હતી. આજે પડેલા સારા વરસાદને કારણે ખેડૂતો અને પશુપાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. ડાંગર, મકાઈ, કપાસ અને શાકભાજીના પાક માટે આ વરસાદ અત્યંત જીવતદાયક સાબિત થશે. વરસાદને કારણે નદી-નાળા અને તળાવોમાં પણ નવા નીરની આવક થઈ છે.વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને લોકોએ કાળઝાળ ગરમીમાંથી રાહત અનુભવી છે.

### સભાસદોના હિતમાં મહત્વના નિર્ણયો લેવાયા

# પાદરા નગર નાગરિક સહકારી બેંકની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

**મરણોત્તર સહાય રૂ. ૧૧ હજાર અને અકસ્માત વીમો રૂ. ૫ લાખની જાહેરાત**



(પ્રતિનિધિ) પાદરા, તા.12

પાદરા નગર નાગરિક સહકારી બેંક લિ.ની વાર્ષિક સાધારણ સભા બેંકના પ્રમુખ સંજયભાઈ પટેલ, ઉપપ્રમુખ કરણસિંહ રાઠોડ તથા એમ.ડી. સુનિલ ગાંધીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. વાર્ષિક સાધારણ સભામાં બેંકના તમામ ડિરેક્ટરો ઉપરાંત આશિષ પટેલ સહિત મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સભા દરમિયાન બેંકના વહીવટ, નાણાકીય કામગીરી, સભાસદોના હિત તથા બેંકની પારદર્શક કામગીરીને લગતા વિવિધ મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને જરૂરી ઠરાવો મંજૂર કરવામાં આવ્યા હતા.

સભાની શરૂઆતમાં ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું હતું, જેને સભાસદો દ્વારા બહાલી આપવામાં આવી હતી. ત્યારબાદ બેંકના સંચાલક મંડળ દ્વારા તા. ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા વર્ષના બેંકના કામકાજનો અહેવાલ, ઓડિટ કરાયેલ સરવૈયું તથા નફા-નુકસાનના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા, જેને સભાએ મંજૂરી આપી હતી.

# DIET ભરૂચ ખાતે સાયબર સિક્યુરિટી તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 12

જી સી ઈ આર ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ દ્વારા આયોજિત તારીખ 10 અને 11 સપ્ટેમ્બર 2026 દરમિયાન સાયબર સિક્યુરિટી અને સેફ્ટી તાલીમનું આયોજન DIET ભરૂચના વ્યાખ્યાતા ડૉ. જતીન એચ. મોદીના નેતૃત્વ હેઠળ DIET ભરૂચ ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં તજજ્ઞો તરીકે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ભરૂચના પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ, દરિયા પ્રાથમિક શાળા, તાલુકો ઝઘડીયાના મુકેશ વસાવા, સી.આર.સી કોર્ડીનેટર દાંડીયા બજાર ચિરાગ પાઠક, વડોદરા સાયબર નિષ્ણાત અને



ગુજરાત મિત્ર તથા સંદેશ ન્યૂઝ પેપરમાં જેમની કોલમ આવે છે તેવા મયુર ભુસાવળકર હિંગલોટ પ્રાથમિક શાળાના આચાર્ય ફેનીલ પરમાર, નવા તવરા પ્રાથમિક શાળાના આચાર્ય તેજસ પટેલ ઉપસ્થિત રહી તાલીમ અનુક્રમે સાયબર એટલે શું, સાયબર થવાના કારણો વિવિધ પ્રકારના કેસ સ્ટડી, ડિજિટલ અરેસ્ટ, છેતરપિંડી થવાના કારણો, મુશ્કેલીઓ અને નિવારણ, સાવચેતી રાખવાની બાબતો જેવા અનેક મુદ્દાઓ ઉપર રસપ્રદ ચર્ચા સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### આંતરિક બદલીને પગલે તલાટી-કમ મંત્રીઓમાં ફફડાટનો માહોલ

# ડભોઈ તાલુકાના ૧૩ જેટલા તલાટી કમ મંત્રીઓની આંતરિક બદલીઓ





(પ્રતિનિધિ) ડભોઇ, તા.12

વડોદરા જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) દ્વારા જિલ્લાના કેટલાક તલાટી-કમ મંત્રીઓની આંતરિક બદલી કરવામાં આવી છે. જેમાં ડભોઈ તાલુકાના 13 જેટલા તલાટીઓની બદલી થતાં વહીવટી વર્તુળમાં ચકચાર મચી છે. ડી.આર. રહેવર-માંડવાથી વણાદરા, મીતાબેન પરમાર-વણાદરાથી ઓરડી (મા), દિવ્યાબા જાડેજા-ઓરડી (મા) થી વસાઈપુરા, સંદીપ મોઢ પટેલ-મંડાળાથી સોમપુરા, પાર્થ તડવી-દંગીવાડાથી આસગોલ, હિરલબેન રામી-કુંઢેલાથી બોરબાર, સિદ્ધરાજસિંહ સોલંકી-ભીલોડિયાથી ઢોલાર, મુકેશ બારીયા-સોમપુરાથી કરમાલ, પી.કે. જોગરાણા-બોરબારથી ગોજાલી, રીયાબેન શાહ-કુંવરપુરાથી દંગીવાડા તથા પ્રતિક પંડ્યા-મેનપુરાથી કરણેટ બદલી કરાઈ છે. દરમિયાન તાલુકાના અન્ય કેટલાક તલાટીઓની પણ બદલી કરવાની માંગ ગ્રામજનો દ્વારા ઉઠી રહી છે. કેટલાક તલાટીઓ અનિયમિત રહેતા હોવાની ચર્ચા વચ્ચે આ બદલીઓને પગલે તલાટી-કમ મંત્રી વર્ગમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પાદરા નજીક ૧૫ ભેંસ-પાડા ભરેલો ટ્રક ઝડપાયો

**ચાલક, ક્લીનર સહિત પશુ માલિકો સામે ગુનો નોંધાયો**

(પ્રતિનિધિ) પાદરા, તા. 12

પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાદડ ગામની સીમમાં ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પરથી ભેંસો ભરેલો ટ્રક મળી આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ટ્રકમાંથી કુલ ૧૫ ભેંસ તથા એક પાડો મળી કુલ ૧૬ પશુઓને મુક્ત કરાવ્યા હતા.

પોલીસ ફરિયાદ મુજબ ગત રોજ વહેલી સવારે આશરે મુંબઈ તરફ જતા માર્ગ પર દ.કી. મી. ૦૧૬ પાસે ટ્રક શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તપાસ દરમિયાન ટ્રકમાં ભેંસોને ખીચોખીચ ભરીને, હલનચલન પણ ન કરી શકે તેવી સ્થિતિમાં દોરડાથી મોઢાના ભાગે બાંધવામાં આવી હોવાનું તેમજ પશુઓ માટે ઘાસચારા અને પાણીની કોઈ વ્યવસ્થા ન હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

આ ઉપરાંત પશુઓને વગર પાસ-પરમિટે લઈ જવામાં આવતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ ટ્રકના ચાલક, ક્લીનર તથા ભેંસો ભરાવનાર પરવેઝ ઉર્ફે લાલુ સીંધી (જમાદાર), રહે. વલણ, તા. કરજણ સહિતના શખ્સોએ એકબીજાની મદદગારી કરી પશુઓ સાથે ક્રૂરતા આચરી ટ્રક સ્થળ પર મૂકી નાસી ગયા હતા.

### વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, શ્રમજીવીઓ અને મધ્યમવર્ગના મુસાફરોને હાલાકી

# ૧૫ હજારની વસ્તી છતાં બહાદરપુરને મેમુ ટ્રેનના સ્ટોપેજથી વંચિત રખાયું

**સસ્તી અને ઝડપી મુસાફરીનો લાભ મળવાની આશા વચ્ચે રેલવેના નિર્ણયથી રોષ**

(પ્રતિનિધિ) સંખેડા, તા.12

સંખેડા અને બહાદરપુર સહિત ત્રણ કિલોમીટરના વિસ્તારમાં 15 હજાર જેટલા નાગરિકો વસવાટ કરતા હોય છતાં હાલમાં નવી શરૂ થયેલ પ્રતાપનગર-ટાંડા મેમુ ટ્રેનને બહાદરપુર રેલવે સ્ટેશને સ્ટોપેજ ન અપાતા સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વડોદરા



પ્રતાપનગર ખાતેથી સવારે 5 વાગ્યે ઉપડતી આ ટ્રેન મધ્યપ્રદેશના ટાંડા ખાતે સવારે 9:35 કલાકે પહોંચે છે. ત્યારબાદ સાંજના 5:07 વાગ્યે ટાંડાથી ઉપડી 9:35 કલાકે વડોદરાના પ્રતાપનગર ખાતે પરત ફરે છે.

આ ટ્રેનને છોટાઉદેપુર, પાવીજેતપુર, બોડેલી, અંબાલી ખાતે સ્ટોપેજ આપી સંખેડા તાલુકાના બહાદરપુર રેલવે સ્ટેશનને બાકાત રાખી છે. ગરીબ, મધ્યમવર્ગ અને શ્રમજીવીઓ સાથે અન્યાય કરાતા વિસ્તારના હરેવાસીઓમાં ભારે આક્રોશ જોવા મળે છે.

સંખેડાનું સોનેરી ફર્નિચર વિશ્વમાં પ્રસિદ્ધ હોય, સ્થાનિક તમામ વેપારીઓ તેમનો માલ સામાન પહોંચાડવામાં સરળતા સાથે વેપાર વાણિજ્યને પ્રોત્સાહન મળે તેમ છે. જ્યારે રોજિંદા મુસાફરો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, ગરીબ-મધ્યમ વર્ગને સસ્તા દરમાં ઝડપી અને સલામતી ભરી મુસાફરી કરવાનો લાભ પણ મળવાની સાથે સૌ કોઈ માટે આ ટ્રેન આશીર્વાદરૂપ સાબિત થઈ શકે તેમ છે.

# પુનિયાદના સાઈબાબા મંદિરમાં દાનપેટી તોડી રોકડ રકમની ચોરી

**ચાલક, ક્લીનર સહિત ભેંસો ભરાવનાર સામે ગુનો નોંધાયો**

(પ્રતિનિધિ) શિનોર, તા. 12

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના પુનિયાદ ગામે શ્રી તારકેશ્વર મહાદેવ મંદિરની દાનપેટી તોડી રોકડ રકમની ચોરી થયાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટના મંદિર પરિસરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, તા. 10 સપ્ટેમ્બર 2026ના રોજ બપોરના આશરે 12 વાગ્યાના સમયે એક અજાણ્યો ઈસમ મંદિર પરિસરમાં પ્રવેશ્યો હતો. ઈસમે લોખંડના



સળિયાની મદદથી દાનપેટીનો નકુચો તોડી તેમાં રહેલી રોકડ રકમ લઈ લીધી હતી. મંદિરના શ્રાવણ માસ દરમિયાન દાનપેટીમાં એકત્ર થયેલી અંદાજે રૂ.30 હજારથી વધુની રકમ ચોરી થઈ હોવાનો પ્રાથમિક અંદાજ છે.

ઘટનાની જાણ થતાં ગ્રામજનો દ્વારા સેગવા આઉટ પોસ્ટ પોલીસ ચોકી ખાતે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ શિનોર પોલીસ દ્વારા ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## બોડેલી કોર્ટ સંકુલમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ : અનેક કેસોનો યોગ્ય નિકાલ કરાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 12

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી કોર્ટ સંકુલ ખાતે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારના કેસોના ઝડપી અને સમાધાનપૂર્વક નિકાલના હેતુથી યોજાયેલી લોક અદાલતમાં મોટી સંખ્યામાં અરજદારો અને પક્ષકારો ઉપસ્થિત રહ્યા હતા. લોક અદાલત દરમિયાન અલગ-અલગ ટેબલ પર કેસોની કાર્યવાહી હાથ ધરાઈ હતી. બંને પક્ષોની રજૂઆતો સાંભળી પરસ્પર સંમતિથી વિવાદોનો ઉકેલ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. લોક અદાલતના માધ્યમથી પક્ષકારોને લાંબી કોર્ટ પ્રક્રિયા, સમય અને ખર્ચમાંથી રાહત મળે તે હેતુસર માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**ગુજરાત સ્ટેટ એઈડ્સ**
કંટ્રોલ સોસાયટીના અનુદાનિત સંસ્થા આદર્શ મહિલા મંડળ ટી. આઈ પ્રોજેક્ટ માટે હંગામી ફિક્સ પગારથી નીચે મુજબ જગ્યા ભરતી કરવાની હોવાથી આઉટરીચ વર્કર- ૧ લાયકાત ૧૦-/ ૧૨- પાસ / સ્નાતક, પગાર ૧૦.૫૦૦/ ટી.એ- ૧૫૦૦/- ઈન્ટરવ્યુ તારીખ:- 21/09/2026, ઈન્ટરવ્યુ સમય:- ૧૦:૦૦ થી ૧:૦૦ સરનામુ ૨૧૯, તેજલ પાર્ક, જ્ઞાનદિપ સ્કૂલની સામે અમરોલી ચાર રસ્તા, અમરોલી સુરત. મો.- 9727587782

**3-4 વેલ્ડર જોઈએ**
છે (1,000 રોજ પગાર) એન્થમ સર્કલ, કોસમાડા-સુરત. 9913711397 (309)

**જોઈએ છે**
ઈલેક્ટ્રોનિક્સ લાઈનના સેલ્સમેન/ પરચુરણ. પગાર લાયકાત મુજબ. 9327322262

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**જૂના બંધ AC**
લેવામાં આવશે. જૂના 2 વ્હીલર 4 વ્હીલર બંધ હાલત માં લેવામાં આવશે. Mo. 6351459536, Mo. 6358258722

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4-વ્હીલર, તથા AC વેચવા માટે સંપર્ક કરો - 9427178600

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(લાલબાગ, સિધ્ધિવિનાયક,** મહાલક્ષ્મી) (ભીમાશંકર, ધૃષ્ણેશ્વર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (અષ્ટવિનાયક) મહાદેવ ટૂર એન્ડ ટ્રાવેલ્સ- 7802062340 (314)

**આશાપુરા**
દિવાળી પ્રવાસ. સંપૂર્ણ સૌરાષ્ટ્ર, દ્વારકા, સોમનાથ, આશાપુરા, મોગલ, કચ્છ-ભુજ, ખોડિયાર માતા. 9426741783.

**પ્લોટ જોઈએ છે**
ઘોડદોડ રોડ અને પીપલોદ વિસ્તારમાં 150 વાર સુધીમાં જગ્યા અથવા જુનો બંગલો પણ ચાલશે.
દલાલ આવકાર્ય
98250 90141

**Dinesh Tours N Travels**
નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઈ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**ઓપન પ્લોટસ**
SMCની હદમાં જહાંગીરાબાદ D-MART થી 5 મીનીટના અંતરે તદ્દન નજીક, સુરત
રિઝનેબલ ભાવે
સંપર્ક કરો
9825233063

મિલ્કત ભાડે -વેચાણ

**પ્લોટ- શેડ**
ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેક્સ્ટાઈલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશન: ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

**નાની ઓફિસ**
ભાડેથી- વેચાણથી આપવાની ઓનલાઈન / કોસ્મેટિક સપ્લાય / મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ. રિંગરોડ 9228207838

મિલ્કત ભાડેથી

**દુકાન ભાડે**
આપવાની છે. 14X33, 11 ફૂટ હાઈટ, 27000/-, ગોગાચોક, પાલનપુર કેનાલ રોડ. 9512620077. (દલાલ આવકાર્ય) (313)

વાહન લે-વેચ

**કંપનીની સાદી,**
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલર: સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

મિલ્કત વેચવાની છે

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**2.15 વિંઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**રો- હાઉસ વેચવાનું**
3 BHK ફુલ્લી ફર્નિશ્ડ G+1 90 વાર 1.31 માં પરશુરામ ગાર્ડન અડાજણ 9898449824

**પ્રોપટી વેચાણ**
માટે- ગોડાદરા ગામ મેઈન ચારરસ્તા પર 6300 ચોરસફૂટની G+3 બિલ્ડીંગ. ડોક્ટર હાઉસ/ ક્લિનિક માટે ઉત્તમ સ્થળ. બ્રોકરનો સંપર્ક આવકાર્ય. 9265493386.

**બંગલો વેચવાનો**
૧૩૦ વાર ફર્નિચર સાથે પાર્કિંગવાળો. પીપલોદ Mo. 7265069469

**વેચવાના છે**
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો નવા પ્રોજેક્ટમાં 42 ફૂટ X 125 ફૂટના (584 વારના) NA પ્લાન પાસ, કમ્પાઉન્ડ વોલ, રોડ, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ વિગેરે સુવિધાઓ કરીને, ૦૮ મહિનાના સરળ હપ્તેથી પલસાણા બારડોલી હાઈવે રોડ પાસે. M. 9898076797

**વેચાવાના છે**
4800 વારનો પ્લોટ ડામર રોડ ટચ નવા કોસ્ટલ હાઈવે પાસે, ફ્રી હોલ્ડ પ્લોટ પ્લોટમાં કંઈપણ બાંધકામ કરી શકો, સુડા અને કોર્પોરેશન લિમિટની બહાર વેલુક ગામ પછી જહાંગીરપુરા- દાંડી રોડ પાસે, M: 9898076797

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*